જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૧૨/૨૦૨૨  સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**  **સમાચાર યાદી નં.૨૨૭૧/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૮/૧૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦ | ૧,૭૧,૦૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૭૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૧ કેસ કરી, ૭૮ વ્યક્તિઓને ઝડપી, ૬૦૦ લીટર દેશી દારૂ, ૩૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૫ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧ રિક્ષા અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૮,૩૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૭૩/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૨૭૪/૨૦૨૨**

**સોલા હાઈકોર્ટઃ** કિરણકુમાર મોહનભાઇ પ્રજાપતિ (રહે. મલ્હર ફ્લેટ સોલાબ્રીજ પાસે સોલા) એ તા.૧૮/૧૨/૨૦૨૨ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૧૨/૨૦૨૨ સાંજના ૫/30 થી રાતના ૧૦/30 વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સોલા એસ.જી.હાઇવે ઓડીના શો રૂમ પાસે “શ્રી આઠ પરગણા ગુર્જર પ્રજાપતિ ટ્રસ્ટ” નામની વાડીમાંથી જુદા-જુદા દાગીનાઓ અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૫૯,૫૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.બી.પરમાર ચલાવે છે.

**ત્યજી દીધેલ શિશુ મળી આવવા બાબતઃ-** **સમાચાર યાદી નં.૨૨૭૫/૨૦૨૨**

**અમરાઇવાડીઃ** તા.૧૮/૧૨/૨૦૨૨ બપોરના ૩/30 વાગ્યાના સુમારે અમરાઇવાડી મહાલક્ષ્મીનગર બ્લોક નંબર-એન/૪૫ પહેલા માળની સીડી નજીકથી તાજુ જન્મેલ શિશુ (બાળકી) જીવીત ત્યજી દીધેલ હાલતમાં મળી આવતા અમરાઇવાડી પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એસ.ગૌસ્વામી ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૨૭૬/૨૦૨૨**

**સાબરમતીઃ** ત્રાગડગામ ઇલાઇટ મરક્યુરી નામની નવી બનતી સાઇટ ખાતે કામ કરતા અને ત્યા જ રહેતા અજય સ/ઓ રામકેશ રામ (ઉ.વ.૪૦) (મુળ વતન. ગામ-માહુર પોસ્ટ-કાદલ કુર્મી તાલુકો-મોહમ્મદ ગંજ જીલ્લો-પલામું રાજ્ય-ઝારખંડ) તા.૧૮/૧૨/૨૦૨૨ કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે સાઇટના બીજા માળે લોખંડના ફરમા ઉપર ઉભા રહી લીપનું સેન્ટીંગનું કામ કરતા હતા ત્યારે પગ લપસી જતા બીજા માળથી નીચે પડતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સોલા સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઉપેન્દ્રસિહ વિજયસિહ ચલાવે છે.

**વટવા જીઆઇડીસી**ઃ રામભુષણ દુરવિજયસિંહ રાજપુત (ઉ.વ.૫૨) (રહે.પારીજાત રેસીડેન્સી ગામડી રોડ વટવા) તા.૧૪/૧૨/૨૦૨૨ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે જીઆઇડીસી વટવા ફેઝ-૪ પ્લોટ નંબર-૪૦૧૨ માયા ઉધ્યોગ કંપનીમા રોલીંગ મશીન ઉપર કામ કરતા હતા ત્યારે મશીનમાંથી પતરૂં તુટીને પેટના ભાગે ઇજાઓ થતા સારવાર તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૧૭/૧૨/૨૦૨૨ સાંજના ૬/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વટવા જીઆઇડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અનિલભાઇ ગોવિંદભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૨૭૭/૨૦૨૨**

**અમરાઇવાડી**ઃ રોહિત સ/ઓ તુલસીભાઇ વાઘેલા (ઉ.વ.૧૮) (રહે. ચંપાબેનની ચાલી નાગરવેલ હનુમાન મંદિર સામે અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૧૭/૧૨/૨૦૨૨ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઇ.શ્રી દક્ષાબહેન રેવાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી